# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સિક્કિમ, પશ્ચિમ બંગાળ અને બિહારમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે બે દિવસીય સાહિત્ય સંમેલનનું ઉદ્ઘાટન કરશે

3) પાકિસ્તાનના આતંકવાદના પર્દાફાશ માટે ગયેલા વિભિન્ન સર્વપક્ષિય પ્રતિનિધિ મંડળે પનામા,દક્ષિણ આફ્રિકા અને સાઉદી અરેબિયામાં ભારતનો મજબૂત પક્ષ રજૂ કર્યો

4) ઇઝરાયલી પ્રધાનમંત્રીએ ગાઝામાં હમાસ નેતા મોહમ્મદ સિનવાર માર્યો ગયો હોવાની પુષ્ટિ કરી

5) IPL ક્રિકેટમાં પ્લેઓફની પહેલી ક્વોલિફાયર મેચમાં પંજાબ કિંગ્સ આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ટકરાશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM STATE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સિક્કિમ, પશ્ચિમ બંગાળ અને બિહારમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સિક્કિમની રાજધાની ગંગટોકમાં "સિક્કિમના ૫૦ વર્ષ: હેતુપૂર્ણ વિકાસ અને પ્રકૃતિ સાથે વિકાસ" વિષય પર એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ રાજ્ય માટે અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે અને કેટલાક વધુ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગના રાજકીય સચિવ વિકાસ બસનેતે જણાવ્યું હતું કે લોકો પ્રધાનમંત્રીનું સ્વાગત કરવા અને સાંભળવા માટે ઉત્સુક છે.

શ્રી મોદી આજે બપોરે પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર અને કૂચ બિહાર જિલ્લામાં સિટી ગેસ વિતરણ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ અઢી લાખથી વધુ લોકોને અને સો થી વધુ વ્યાપારી સંસ્થાઓ અને ઉદ્યોગોને PNG અને લગભગ 19 CNG સ્ટેશનોને CNG પ્રદાન કરશે. તે ઇંધણ સસ્તું બનાવશે અને રોજગારીની તકોનું સર્જન કરશે.

શ્રી મોદી આજે સાંજે બિહારમાં પટના હવાઈમથકના નવા બનેલા ટર્મિનલનું ઉદ્ઘાટન કરશે. આ ટર્મિનલ આશરે બારસો કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર આ હવાઈમથકેથી દર વર્ષે એક કરોડ લોકો અવરજવર કરી શકશે. પ્રધાનમંત્રી આશરે એક હજાર 410 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા બિહતા એરપોર્ટના નવા સિવિલ એન્ક્લેવનો શિલાન્યાસ પણ કરશે. શ્રી મોદી પટનામાં એક રોડ શો પણ કરશે. આ રોડ શો પટના એરપોર્ટથી શરૂ થશે અને પટનામાં ભારતીય જનતા પાર્ટીના મુખ્યાલય સુધી જશે.

# PREZ - LITERARY CONFERENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે સાહિત્ય સંમેલનનું ઉદ્ઘાટન કરશે. આ બે દિવસીય પરિષદમાં અનેક સત્રો યોજાશે. જેમાં કવિઓ સાથે મુલાકાત, ભારતનું નારીવાદી સાહિત્ય, સાહિત્યમાં પરિવર્તન વિરુદ્ધ સાહિત્યમાંથી પરિવર્તન અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ભારતીય સાહિત્યની નવી દિશા પર સત્રોનો સમાવેશ થાય છે. સંમેલનમાં દેવી અહિલ્યાબાઈ હોલકરની ગાથા પણ રજૂ કરવામાં આવશે. આ સંમેલનનું આયોજન સાહિત્ય અકાદમીના સહયોગથી કરવામાં આવ્યું છે.

સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને દેશભરના સાહિત્યિક હસ્તીઓ આ સંમેલનમાં ભાગ લેશે.

# JAISHANKAR - AFRICA DAY

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઇકાલે નવી દિલ્હીમાં આફ્રિકા દિવસ 2025 ઉજવણીમાં  ભાગ લીધો હતો. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે કહ્યું કે ભારત અને આફ્રિકા વચ્ચે મજબૂત એકતા અને અતૂટ મિત્રતા છે. તેમણે કહ્યું કે ભારત આફ્રિકાના વિકાસ, સમૃદ્ધિ અને પ્રગતિ માટે  સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.તેમણે કહ્યું કે વેપાર, વિકાસ સહયોગ, ક્ષમતા નિર્માણ અને સુરક્ષામાં બંને દેશોની ભાગીદારી સતત મજબૂત થઈ રહી છે. તેમણે કહ્યું કે ગ્લોબલ સાઉથ પાર્ટનર તરીકે, ભારત  વૈશ્વિક સંસ્થાઓમાં આફ્રિકાનો અવાજ ઉઠાવે છે. વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત-આફ્રિકા સંબંધો વધુ ગાઢ બનશે અને આફ્રિકન પ્રાથમિકતાઓને સાકાર કરવાના હેતુથી સહકારનો સમકાલીન એજન્ડા બનાવશે.

# FINANCE - INSURANCE

નાણાંમંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે નવી દિલ્હીમાં જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા  કંપનીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં પ્રીમિયમ કલેક્શન, વીમા કવરેજના વિસ્તરણ અને દાવાઓના ગુણોત્તરની સમીક્ષા કરવામાં આવી હતી. આ વીમા કંપનીઓને ચાલુ વર્ષમાં એક લાખ કરોડથી વધુનું પ્રીમિયમ મળ્યું હતું, જ્યારે 2019માં માત્ર 80 હજાર કરોડ હતું. નાણાકીય વર્ષ 2024-25માં એકંદર સામાન્ય વીમા ઉદ્યોગમાં કુલ પ્રીમિયમ કલેક્શન ત્રણ લાખ કરોડથી વધુ હતું.

સમીક્ષા દરમિયાન નાણાં મંત્રીએ કહ્યું કે સેવા ઉપલબ્ધતા અને કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે તમામ સરકારી સામાન્ય વીમા કંપનીઓનું ડિજિટલ પરિવર્તન જરૂરી છે જેથી દાવાઓનું ઝડપથી અને સચોટ રીતે નિરાકરણ થઈ શકે. શ્રીમતી સીતારમણે કંપનીઓને ઉભરતા જોખમોને અનુરૂપ નવા વીમા ઉત્પાદનો વિકસાવવાનો પણ નિર્દેશ આપ્યો.

# ALL PARTY DELEGATION-1

પાકિસ્તાન પ્રેરિત આતંકવાદને ખુલ્લો પાડવા માટે ભારતનું સર્વપક્ષિય પ્રતિનિધ મંડળ વિવિધ દેશોની મુલાકાત લઇને ભારતો મજબૂત રીતે પક્ષરજૂ કરી રહ્યું છે. જેના ભાગરૂપે કોંગ્રેસના સાંસદ શશી થરૂરના નૈતૃત્વ વાળા પ્રતિનિધિ મંડળે પનામાની મુલાકાત દરમિયાન પનામામાં ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા, શ્રી થરૂરે કહ્યું કે, પહેલગામમાં થયેલો ભયાનક આતંકવાદી હુમલો પાકિસ્તાની સૈન્યના એક ધૃણાસ્પદ ઉદ્દેશ્યને

અનુસરીને હતો જે કાશ્મીરી અર્થતંત્રને નબળું પાડવા માંગે છે, પ્રતિનિધિમંડળે પનામા પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ જોસ રાઉલ મુલિનોને પણ મળ્યા. બહુપક્ષીય પ્રતિનિધિમંડળે પનામા વિધાનસભાના પ્રમુખ, ડાના કાસ્ટાનેડા સાથે પણ વાતચીત કરી.

જ્યારે દક્ષિણ આફ્રિકામાં, NCPના શરદપવાર જૂથની પાર્ટીના સુપ્રિયા સુલેના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે દક્ષિણ આફ્રિકાની સંસદમાં અને દક્ષિણ આફ્રિકાની સરકારના મંત્રીઓ સાથે બેઠકો કરી હતી. આ ઉપરાંત ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં અન્ય એક પ્રતિનિધિમંડળે સાઉદી અરેબિયાના રિયાધમાં સાઉદી અરેબિયાના વિદેશ રાજ્યમંત્રી અદેલ બિન અહેમદ અલ જુબેર સાથે વાતચીત કરી. બેઠક દરમિયાન, શ્રી પાંડાએ આતંકવાદ સામે સંકલિત કાર્યવાહી અને આતંકવાદી માળખાને તોડી પાડવાના મહત્વ પર ભાર મૂક્યો. રોમમાં, ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં બીજા એક સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે સેનેટની વિદેશ અને સંરક્ષણ સમિતિના પ્રમુખ સ્ટેફનિયા ક્રેક્સી સાથે મુલાકાત કરી. શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં બીજું એક બહુપક્ષીય પ્રતિનિધિમંડળ કોંગોના ડેમોક્રેટિક રિપબ્લિકની મુલાકાત પૂર્ણ કર્યા પછી સિએરા લિયોન પહોંચ્યું.

જનતા દળ (યુ) ના સાંસદ સંજય ઝાના નેતૃત્વમાં સર્વપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળે ઇન્ડોનેશિયાના વિદેશ મંત્રી આરિફ હવાસ ઓગ્રોસેનો સાથે મુલાકાત કરી.

ડીએમકે સાંસદ કનિમોઝીના નેતૃત્વમાં બીજા એક સર્વપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળનું ગ્રીસમાં ગ્રીક સંસદીય પ્રતિનિધિમંડળે સ્વાગત કર્યું. આ પ્રસંગે બોલતા તેમણે ભારત સાથે ઉભા રહેવા અને આતંકવાદની નિંદા કરવા બદલ ગ્રીસનો આભાર માન્યો હતો..

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# PM- PRAGATI

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે પ્રગતિ બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠકમાં 62 હજાર કરોડ રૂપિયાથી વધુના માળખાગત પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ્સ દેશભરમાં રોડ ટ્રાન્સપોર્ટ, વીજળી અને જળ સંસાધનો સાથે સંબંધિત છે.**

**બેઠકમાં શ્રી મોદીએ કહ્યું કે અમલીકરણ સંબંધિત અવરોધોને દૂર કરવા માટે એક સંકલિત પ્રયાસની જરૂર છે. તેમણે કહ્યું કે પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં વિલંબ ખર્ચમાં વધારો કરે છે અને જનતાને આવશ્યક સેવાઓથી વંચિત રાખે છે.**

**રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી- રેરા સંબંધિત જાહેર ફરિયાદોની સમીક્ષા કરતી વખતે, પ્રધાનમંત્રીએ કહ્યું કે ગુણવત્તાયુક્ત અને સમયસર રીતે ફરિયાદોનું નિરાકરણ મહત્વપૂર્ણ છે. તેમણે તમામ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સની નોંધણી ફરજિયાત બનાવવા પર ભાર મૂક્યો. બેઠકમાં પ્રધાનમંત્રીએ દેશમાં**

સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં થયેલી પ્રગતિની પણ સમીક્ષા કરી. તેમણે કહ્યું કે કોઈપણ ક્ષેત્રની શ્રેષ્ઠ પ્રથાઓ અન્ય રાજ્યો માટે પ્રેરણાનો સ્ત્રોત બની શકે છે અને આ રાષ્ટ્રીય સેમિકન્ડક્ટર મિશનને મજબૂત બનાવશે.

પ્રગતિ બેઠકોમાં અત્યાર સુધીમાં 20 લાખ કરોડ રૂપિયાથી વધુના 373 પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવી છે. પ્રગતિ એ કેન્દ્ર અને રાજ્ય સરકારોની ભાગીદારી સાથે વહીવટની સમીક્ષા અને સમયસર અમલીકરણ માટેનું એક પ્લેટફોર્મ છે.

# HAMAS – KILLED

ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ પુષ્ટિ કરી છે કે ગાઝામાં હમાસ નેતા  મોહમ્મદ સિનવાર માર્યો ગયો છે. આ મહિનાની શરૂઆતમાં ઇઝરાયલી હવાઈ હુમલામાં તેનું  મોત થયું હતું. સિનવાર હમાસ નેતા યાહ્યા સિનવારનો ભાઈ હતો.

સંસદમાં શ્રી નેતન્યાહૂએ કહ્યું કે  ઇઝરાયલ હમાસ સામેના યુદ્ધમાં એક મહત્વપૂર્ણ પડાવ  પર છે. તેમણે એમ પણ કહ્યું કે તાજેતરના ઇઝરાયલી હુમલાઓ ગાઝામાં હમાસ-નિયંત્રિત સ્થળોને નષ્ટ કરવા પર કેન્દ્રિત છે.

13મી મે ના રોજ ખાન યુનિસમાં ઇઝરાયલી સેના અને શિન બેટ દ્વારા સંયુક્ત હુમલામાં ગાઝા યુરોપિયન હોસ્પિટલ હેઠળના એક બંકરને નિશાન બનાવવામાં આવ્યું હતું. ગાઝા આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, હવાઈ હુમલામાં 26 લોકો માર્યા ગયા હતા. માર્યા ગયેલા લોકોમાં મોહમ્મદ સિનવારનો પણ સમાવેશ થાય છે. શ્રી નેતન્યાહૂએ એમ પણ કહ્યું કે ગાઝામાં 20 બંધકો હજુ પણ જીવિત છે, જ્યારે 38 બંધકો મૃત્યુ પામ્યા છે.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં પ્લેઓફની પહેલી ક્વોલિફાયર મેચમાં પંજાબ કિંગ્સ આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ટકરાશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે રમાશે. એલિમિનેટર રાઉન્ડમાં મુંબઈ ઇન્ડિયન્સ આવતીકાલે ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે. સ્પર્ધાની ફાઇનલ ત્રીજી જૂને અમદાવાદમાં રમાશે.

<u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ</u>

1) આજના તમામ અખબારોએ અમેરીકા એ સ્ટૂડન્ટ વિઝા પર બ્રેક લગાવી તે અનેકેન્દ્ર સરકારે જ ખરફી પાકના ટેકાનામાં ભાવમાં વધારો કર્યો છે તેના સમાચાર પ્રથમ પાનાં પર હેડલાઈન સ્વરૂપે લીધા છે..

2) સંદેશ અખબાર પ્રથમ પાના પર લખે છે..યુએસ સ્ટુડન્ટ વિઝાની નવી એપોઈન્ટમેન્ટ્સ બંધ... અને દેશના 6 રાજ્યો માટે 48 કલાક ભારે... બંગાળના અખાતમાં લો પ્રેશર સર્જાયું...

3) ગુજરાત સમાચારની હેડલાઈન છે અમેરિકાના સ્ટૂડન્ટ વિઝા પર ટ્રમ્પની બ્રેક... આ સાથે જ પહેલા પાના પર લખ્યું છે કે ચોમાસા પૂર્વે ખેડૂતોને રાહત. 14 ખરીફ પાકોના ટેકાના ભાવમાં વધારો...

4) દિવ્ય ભાસ્કરનું મુખ્ય શિર્ષક છે મણિપુર- નવી સરકાર રચવાની માગ સાથે એનડીએના 44 એમએલએ રાજ્યપાલને મળ્યા..

5) આ સાથે જ અખબારોમાં સ્પોર્ટસના સમાચારમાં આજે રમાનારી આઈપીએલ 18ની પ્રથમ ક્વોલીફાયર મેચના સમાચાર જોવા મળી રહ્યા છે..

6) દિવ્ય ભાસ્કરે લખ્યું છે આજે બેંગલુરુ અને પંજાબનો મુકાબલો... દાયકામાં પ્રથમવાર ફાઈનલમાં પહોંચવાની જંગ...ક્રિકેટ પ્રીમીયર લીગની બીજી સિઝનનો 31મેથી પ્રારંભ...ગુજરાત સમાચારમાં એશિયન એથ્લેટિકિસમાં ભારતની 4 બાય 400 મિક્ષ્ડ ટીમે ગોલ્ડ જીત્યો આ સમાચાર વાંચવા મળી રહ્યા છે..